भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

AU 434548

રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર નં. 2127
ખરીદનાર [illegible] ના રહીશ
[illegible]
હસ્તે [illegible] તા. ૨૧/૧/૨૦૧૬

(જયંતિલાલ પ્રાણશંકર જોષી)
લા. નં. ૧૬/૮૮, સ્ટેમ્પ વેન્ડર
સીવીલ કોર્ટ કમ્પાઉન્ડ વિભાગ-૩
રાજકોટ.

//૧//

## શ્રી શિવ નિકેતન ચેરીટેબલ ટ્રસ્ટ

## રાજકોટ

### ટ્રસ્ટ ડીડ

ટ્રસ્ટ ડીડનો આ દસ્તાવેજ રાજકોટ ખાતે તા.૨/૨/૨૦૧૬ ના રોજ નીચે સહી કરનારાઓ વચ્ચે કરવામાં આવે છે.

૧. **શ્રી ઘનશ્યામભાઈ મહેશભાઈ ત્રિવેદી**
ધર્મે :– હિન્દુ ઉંમર :– પુખ્તવય ધંધો :– સેવાપુજા
પુનીત સોસાયટી કોઠારીયા મેઈન રોડ રામેશ્વર મહાદેવ મંદિર રાજકોટ
જેમને હવે પછી આ દસ્તાવેજમાં સેટલર તરીકે ઓળખવામાં તથા સંબોધવામાં આવે છે.

તેઓ

..............................પક્ષકાર નં. – ૧ છે.

//૨//

તેમજ,

૧. **શ્રી ઘનશ્યામભાઈ મહેશભાઈ ત્રિવેદી**
**ધર્મે :– હિન્દુ ઉંમર :– પુખ્તવય ધંધો :– સેવાપુજા**
**પુનીત સોસાયટી કોઠારીયા મેઈન રોડ રામેશ્વર મહાદેવ મંદિર રાજકોટ**

૨. **શ્રી મહેશભાઈ મણીભાઈ ત્રિવેદી**
**ધર્મે :– હિન્દુ ઉંમર :– પુખ્તવય ધંધો :– સેવાપુજા**
**રામેશ્વર રોડ મેહુલનગર, ગોકુલનગર રાજકોટ**

૩. **શ્રી પ્રિયંકાબેન ઘનશ્યામભાઈ ત્રિવેદી**
**ધર્મે :– હિન્દુ ઉંમર :– પુખ્તવય ધંધો :– ગૃહકાર્ય**
**પુનીત રોડ, કોઠારીયા રોડ રાજકોટ**

જેમને હવે પછી આ દસ્તાવેજમાં સેટલર તરીકે ઓળખવામાં તથા સંબોધવામાં આવે છે તેઓ તમામને હવે પછી ટ્રસ્ટ ડીડના આ દસ્તાવેજમાં ટ્રસ્ટીઓ તરીકે ઓળખવામાં તથા સંબોધવામાં આવેલ છે.

જેઓ ..............................................પક્ષકાર નં. – ૨ છે.

આ પક્ષકાર નં. ૧ અને ૨ ની વચ્ચે નીચેની વિગતે આ "ટ્રસ્ટ ડીડ" નો દસ્તાવેજ કરવામાં આવે છે.

સેટલરશ્રી એટલે કે પક્ષકાર નં. ૧ સાર્વજનિક ક્ષેત્રે કંઈક કરી છૂટવાની તમન્ના ધરાવતા હતા અને તેથી પ્રેરાઈને સેટલરશ્રીએ પોતાની અંગત માલિકીની રકમ રૂા.૧૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પૂરા) અલગ કાઢી ટ્રસ્ટને અર્પણ કરી સદર રકમ ઉપરથી પોતાનો અંગત હકક ઉઠાવી લઈ સદર રકમ ટ્રસ્ટના ટ્રસ્ટી દરજજે પક્ષકાર નં. ૨ એ સ્વીકારી આ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે. સદર રકમ ટ્રસ્ટની સંપૂર્ણ માલિકીની મિલ્કત બને છે. સદર રકમ ઉપર સેટલરશ્રીનો કે તેમના વંશ,વારસ,વાલી,વારસો કે અન્ય કોઈનો પણ અંગત હકક, હીત કે હીસ્સો કે લાગ – ભાગ રહેતો નથી.

આ ટ્રસ્ટના વહીવટ અને સંચાલન અંગેના નિયમો નીચે મુજબ રહેશે.

(૧) **ટ્રસ્ટનું નામ :–**
**શ્રી શિવ નિકેતન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ**

(૨) **ટ્રસ્ટ ઓફીસ :–**
**શ્રી ઘનશ્યામભાઈ મહેશભાઈ ત્રિવેદી પુનીત સોસાયટી કોઠારીયા મેઈન રોડ રામેશ્વર મહાદેવ મંદિર રાજકોટ**

॥૩॥

(૩) **ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર :–**

આ ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર સમગ્ર ભારત દેશમાં રહેશે. ભવિષ્યમાં વિદેશમાં પણ જરૂર પડતાં બ્રાન્ચીઝ ખોલી શકશે.

(૪) **ટ્રસ્ટની મિલ્કત :–**

આ ટ્રસ્ટને એટલે કે પોતાની અંગત માલિકીની મિલ્કતમાંથી અર્પણ કરેલ રૂા.૧૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પૂરા) આ ટ્રસ્ટની મિલ્કત રહેશે. આ ઉપરાંત વખતો વખત આ ટ્રસ્ટને કે તેની માલિકીની સંસ્થા ને ભારતમાંથી કે વિદેશમાંથી પણ કાયદેસર રીતે પ્રાપ્ત થતી રકમ આ ટ્રસ્ટ સ્વીકારશે. આ ટ્રસ્ટની મિલ્કત ઉપર કોઈપણ પ્રકારનો અંગત હકક, હિસ્સો કે હિત રહેશે નહિ. કોઈપણ ટ્રસ્ટીના વંશવારસોનો હકક,હિસ્સો રહેશે નહિ.

(૫) **ટ્રસ્ટના હેતુઓ :–**

આ સંસ્થા નાત, જાત કે ધર્મના ભેદભાવ વગર નીચે દર્શાવેલ ઉદેશો મુજબ કાર્ય કરશે.

(એ) **ગૌશાળા અને પાંજરાપોળ :–**

(૧) ગૌશાળા, પાંજરાપોળ, કેટલ કેમ્પ, વેટરનરી હોસ્પિટલ, પ્રાણી સંગ્રહાલયો, ભેસ નો તબેલો સ્થાપશે તેમજ તેના નિભાવ માટે દેશ વિદેશમાંથી સરકારી કે ખાનગી સહાય,દાન,અનુદાન કે સબસીડી મેળવી શકશે.

(૨) નિગમ,બોર્ડ,રાજય સરકાર કે કેન્દ્ર સરકાર હસ્તકના પક્ષી ઘર, પ્રાણી સંગ્રહાલયો, પશુ દવાખાના સંભાળશે અને તેનું સંચાલન કરશે. ગૌચર વિકાસ સુધારણાને લગતા અન્ય જીવદયા કાર્ય કરશે.

(૩) પશુ, પંખી, પ્રાણી, જીવજંતુની સારવાર માટે હરતા–ફરતા દવાખાના અને એમ્બ્યુલન્સ સેવા ચલાવશે.

(૪) ઘાસ મેળવવા માટે સરકારી કે ખાનગી વીડીઓ ભાડે કે વેચાતી રાખી શકશે.

(બી) **સામાજિક :–**

(૧) મહિલા ઉત્કર્ષ અને વિકાસ માટેની પ્રવૃતિઓ જેવી કે ગૃહ ઉદ્યોગ, સીવણ, એમ્બ્રોઈડરી, ભરત–ગુંથણ, હસ્તકલા, ટેલરીંગ–કટીંગ વગેરેના તાલીમ કેન્દ્રો શરૂ કરશે, ચલાવશે.

(૨) જીવમાત્રના મૃતદેહનો નિકાલ કરશે, તેની અંતિમવીધિ કરશે, બિનવારસી માનવ લાશ તેમજ અન્ય પશુ, પ્રાણીની લાશ સંભાળશે અને તેની અંતિમવીધિ કરશે.

(૩) કુદરતી આફતોમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓ, ફુડ પેકેટ, અનાજ, ફળ, શાકભાજી, વસ્ત્રો વગેરેનું અસરગ્રસ્તોના લાભાર્થે એકત્રીકરણ તેમજ વિતરણ કરી શકશે.

(૪) કોમીએકતા અને રાષ્ટ્રભાવના વધે તેવી પ્રવૃતિઓ, પુસ્તકાલયો, ઈતિહાસીક તેમજ આધ્યત્મિક અને શૈક્ષણિક ટુરિઝમને લગતી પ્રવૃતિઓ કરશે તેમજ કુરિવાજો, કુસંસ્કારો, અંધશ્રધ્ધા દૂર કરવાની પ્રવૃતિઓ કરશે.

(૫) વૃધ્ધ, અંધ, અપંગ, અનાથ, અશકત, વિધવા, ત્યકતા, શારીરિક અને માનસિક વિકલાંગો, નિરાધાર, તરછોડાયેલા, કચડાયેલા અને પીડિત લોકોને મદદ કરશે તેમજ તેમના માટે આશ્રય સ્થાનો અને રાહત કેન્દ્રો, શાળા, કોલેજ, છાત્રાલયો સ્થાપશે, તેમને રોજગારી આપશે તેમજ આવી પ્રવૃતિઓ માટે સહાય, દાન, અનુદાન સ્વીકારશે.

|| ૪ ||

(૬) યોગ કેન્દ્ર, અન્નક્ષેત્રો, પુસ્તકાલય વાંચનાલયો શરૂ કરશે તેમજ ચલાવશે.

**(સી) આરોગ્ય :–**

(૧) લોકોની સારવાર માટે હોસ્પિટલ, દવાખાના, મેડીકલ સ્ટોર, સંશોધન કેન્દ્રો, ઔષધ નિર્માણ સંસ્થા, બ્લડ બેંક, હરતા ફરતા દવાખાના વગેરે સ્થાપશે અને નિભાવશે તેમજ આવા કાર્યો કરતી અન્ય સંસ્થાઓની પ્રવૃતિઓ સંભાળશે તેમજ આવા કાર્યો માટે વાહનો તથા અન્ય સાધન સામગ્રી ખરીદી શકશે.

(૨) બ્લડ ડોનેશન કેમ્પ, નેત્ર નિદાન કેમ્પ, ડેન્ટલ કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ, વ્યસન મુકિત કેમ્પ, નશાબંધી, થેલેસેમીયા અને એઈડ્સ જાગૃતિ શિબિરો તેમજ વનૌષધિ પ્રદર્શનો યોજી શકશે.

(૩) આયુર્વેદિક, હોમીયોપથી, યુનાની, નેચરોપથી, નિસર્ગોપચાર, એકયુપ્રેશર, એકયુપંચર અને અલ્ટરનેટીવ મેડીસીન જેવી અન્ય ચિકિત્સા પધ્ધતિઓનો ઉપયોગ કરી શકશે.

(૪) આરોગ્ય વિષયક સેવાઓ માટે વિવિધ પ્રોજેકટ તૈયાર કરવા તેમજ સહકારી, સ્વાયત સંસ્થાઓ, બોર્ડ, નિગમ તેમજ ટ્રસ્ટોએ તૈયાર કરેલા પ્રોજેકટ, પ્રવૃતિઓ સંભાળશે અને નિભાવશે.

(૫) આરોગ્ય વિષયક અંકો, પત્રિકાઓ, પુસ્તકો પ્રસિધ્ધ કરી શકશે.

**(ડી) પર્યાવરણ :–**

(૧) માનવસમાજ અને અન્ય જીવસૃષ્ટિને સુખમય અને સ્વસ્થ જીવન જીવવા માટે શુધ્ધ હવા, પાણી, ખોરાક મળી રહે તે માટે દરેક પ્રકારની પ્રદૂષણ નિવારણની પ્રવૃતિઓ કરશે.

(૨) વૃક્ષારોપણ અને ઉછેર માટેની પ્રવૃતિઓ, બાગ–બગીચા, ઓષધીય ઉદ્યાન સંબંધી પ્રોજેકટ કાર્યો કરશે. તેમજ જંગલ વિકાસ અને રક્ષણ સંબંધી પ્રવૃતિઓ કરશે.

(૩) જળ સંરક્ષણ અને સંચયન, જમીન સંરક્ષણ અને સુધારણાની પ્રવૃતિઓ તેમજ વહી જતા વરસાદી પાણીને રોકી હરિયાળી ધરતીનું સ્વપ્ન સાકાર કરવા માટેની પ્રવૃતિઓ કરશે.

(૪) વિજળીની બચત તેમજ સૌરઉર્જાના ઉપયોગ અને પ્રચાર માટેના કાર્યો કરશે.

**(ઈ) શૈક્ષણિક :–**

(૧) બાલમંદિર, બાલવાડી, ખેલાઘર, ઘોડિયાઘર, આંગણવાડી, માતૃ –બાળ કલ્યાણ અને વિકાસ કેન્દ્રો શરૂ કરશે, ચલાવશે.

(૨) ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના પ્લે હાઉસ, નર્સરી, એલ. કે. જી., એચ. કે. જી., પ્રાયમરી સ્કૂલ, સેકન્ડરી સ્કૂલ, હાયર સેકન્ડરી સ્કૂલ સ્થાપશે અને ચલાવશે.

(૩) આર્ટસ, કોમર્સ, સાયન્સ, એજયુકેશન, મેનેજમેન્ટ, એગ્રીકલ્ચર જેવા વિષયોના સર્ટીફીકેટ, ડિપ્લોમા, પોસ્ટ ડિપ્લોમા, ડીગ્રી અને માસ્ટર ડીગ્રી અભ્યાસક્રમો ચલાવતી શાળા, કોલેજો સ્થાપશે અને ચલાવશે.

(૪) આઈ. ટી. આઈ., પોલીટેકનીક, એન્જીનીયરીંગ, ઈન્ડસ્ટ્રીયલ, ટેકનીકલ અને વોકેશનલ ટ્રેઈનીંગ અંગેના સર્ટીફીકેટ, ડિપ્લોમા, પોસ્ટ ડિપ્લોમા, ડીગ્રી અને માસ્ટર ડીગ્રી અભ્યાસક્રમો ચલાવતી શાળા, કોલેજો, વર્કશોપ સ્થાપશે અને ચલાવશે.